## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જરા મોબાઈલમાં ગૂગલ કરીને જુઓ તો, આપણે શિક્ષકો વિદ્યાર્થીઓને મોબાઈલથી કેવી રીતે દૂર રાખી શકીએ....?

## સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવાર ૬ જાન્યુઆરીના રોજ સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને બપોરના ચાર કલાકે સે-૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓએ ઉપરોકત બેઠકમાં ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજન ઓઝા દ્વારા જણાવાયું છે.

# રતનપુર ગામે મકાનના ધાબા પરથી વિદેશી દારૂ પકડાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા રતનપુર ગામેથી વિદેશી દારુનો જથ્થો પકડાયો છે. ગીફટસીટી ટાવર-૧ પાસે આવેલ નાસ્તાનો ગલ્લો ચલાવતી મહિલા દારુનું છુટક વેચાણ કરે છે. ડભોડા પોલીસે રેઈડ પાડી રતનપુર ગામે ઘરના ધાબા પરથી દારુની ૧૦ બોટલ પકડી પાડી હતી. પોલીસે દારુની બોટલ, મોબાઈલ મળી કુલ રૂ.૫૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ બી.આર.રાઠોડની ટીમના લોકરક્ષક કિરણકુમારને ગીફટસીટી પાસે હોટલ ચલાવતા જયોત્સનાબેન કાળુસિંહ બિહોલા દારુનો વેપલો કરે છે તેવી બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ કરતા ગીફટસીટી સામે ઓરડીમાં રહેતા મનોજ ઉર્ફે મનિષ માંગલાલ મીણા (ઉં.વ.૨૫ રહે.રતનપુર ગામ ગીફટસીટી સામે ઓરડીમાં મુળ રહે રાજસ્થાન)ને એક બોટલ દારુ સાથે પકડી પાડ્યો હતો. દારુ અંગે પોલીસે પુછતાજ કરતા તેણે રતનપુર ગામે ભુવાજીવાળો વાસ ખાતે રહેતા જયોત્સનાબેન કાળુસિંહ બિહોલાએ આપી હોવાનું જણાવ્યું હતું. પોલીસે મહિલાના ઘરે તાત્કાલીક તપાસ કરતા ધાબા પરથી વિદેશી દારુની ૧૦ બોટલ મળી આવી હતી. આ બોટલ અંગે મહિલાને પુછતા મહિલાએ લેકાવાડા ખાતે રહેતા જમાઈ રોહિતસિંહ વિક્રમસિંહ વાઘેલાએ દારૂ આપ્યો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પોલીસે રૂ.૪૪૦૦ની કિંમતની દારુની ૧૧ બોટલ અને એક મોબાઈલ મળી કુલ રૂ.૫૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ડભોડા પોલીસે મહિલા, જમાઈ અને શખ્સ સામે પ્રોહિ એકટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ઘ-૨ સર્કલ નજીક જાણે તળાવ ભરાયુ છે. પાણીની પાઈપલાઈન લીકેજ થતાં હજારો લીટર પાણી રસ્તા પર વહી રહ્યું છે. શહેરમાં એક તરફ ઓછા ફોર્સથી પાણીની સમસ્યા સર્જાઈ છે ત્યાં મહામુલા પાણીનો આવો બગાડ ક્યારેય ચલાવી ન લેવાય. તંત્ર દ્વારા આ અંગે ગંભીરતાથી વિચારી પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

# જિલ્લાના ૧૧ પીઆઈની આંતરીક બદલી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં વિવિધ પોલીસ મથકમાં બિન હથીયારી પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા ૧૧ પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલીના હુકમ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવ્યા છે. પોલીસ ઈન્સ્પેકટર વાય.આર.વાઘેલાની બદલી સાંતેજ થી દહેગામ પોલીસ મથકે, તેમજ સાંતેજ પોલીસ મથકનો ચાર્જ વી.એસ.માંજરીયા ફર્સ્ટ પીઆઈ કલોલ તાલુકા મથકે સંભાળવાનો રહેશે. જયારે પીઆઈ એસ.એસ.પવારની બદલી માણસા પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવતા પીઆઈ પી.જે.પટેલને સોંપવામાં આવેલા માણસા પોલીસ મથકના ચાર્જમાંથી મુકત કરાયા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૧ પીઆઈની આંતરીક બદલી પર નજર કરીએ તો, ચિલોડા પોલીસ મથકના પીઆઈ જે.બી.પંડીતની બદલી કંટ્રોલરૂમ ગાંધીનગર, લીવ રીઝર્વના પીઆઈ પી.જે.પટેલને રીડર શાખાનો ચાર્જ, સાંતેજ પીઆઈ વાય.આર.વાઘેલાને સેકન્ડ પીઆઈ દહેગામ, સેકટર-૨૧ પીઆઈ કે.એન.રાઠવાને સેકન્ડ પીઆઈ કલોલ તાલુકા, સીપીઆઈ ડી.જી.તડવીને સેકન્ડ પીઆઈ ઈન્ફોસીટી, સેકટર-૭ સેકન્ડ પીઆઈ પી.પી.વાઘેલાને સીપીઆઈ તરીકે મુકવામાં આવ્યા છે. જયારે દહેગામ સેકન્ડ પીઆઈ એચ.એ.જાડેજા ને ચિલોડા ફર્સ્ટ પીઆઈ તરીકે, સેકન્ડ પીઆઈ કલોલ તાલુકા એસ.એસ.પવારને ફર્સ્ટ પીઆઈ માણસા તરીકે સેકન્ડ પીઆઈ ઈન્ફોસીટી જે. એચ. સિંઘવને ફર્સ્ટ પીઆઈ સેકટર-૭ પોલીસ મથક, સેકન્ડ પીઆઈ ચિલોડા એ. જે. ચૌહાણને ફર્સ્ટ પીઆઈ સેકટર-૨૧ તરીકે, લીવ રીઝર્વમાં પીઆઈ તરીકે ફરજ બજાવતા આઈ.એમ.હુદડને સેકન્ડ પીઆઈ સેકટર-૭ પોલીસ મથક ખાતે બદલી કરવામાં આવી છે.



ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં જંગલી પ્રાણીઓની અવરજવર સતત રહે છે. અનેક વૃક્ષોનું નિકંદન નીકળી ગયુ હોવા છતાં શહેરમાં હજુ હરિયાળી યથાવત છે. આ હરિયાળી જંગલી પ્રાણીઓને આકર્ષે છે. વાંદરા અને નીલગાય માટે તો શહેર જાણે એક રહેઠાણ બની ગયુ છે. શહેરના અનેક વિસ્તારોમાં વાંદરા અને નીલગાય ખુબ જ આસાનીથી જોવા મળી જાય છે.

# સે. ૧૫ની શાળામાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૪

આજે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર સ્વ. સૂર્યકાન્ત મહેતાની શ્રધ્ધાજલિ તથા સ્વ. રમેશભાઈ ડી. પટેલની પુણ્યતિથિ નિમિત્તે જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર દ્વારા સવારે સે-૧૫ સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે ૯.૩૦ કલાકે સોળમા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નેત્ર નિદાન કેમ્પમાં દર્દીઓને વિના મૂલ્યે આંખની સંપૂર્ણ તપાસ તેમજ મોતિયાના મફત ઓપરેશન સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. દર્દીઓ માટે વિના મૂલ્યે ડાયાબીટીશ ચેક અપ કેમ્પ પણ યોજાશે. સે-૧૫ ફતેપુરા, સે-૨૪ છાપરા તેમજ આદિવાડા સહિત આસપાસના વિસ્તારોના ગ્રામજનો પણ આ કેમ્પનો લાભ લેશે. આ કેમ્પમાં કોર્પોરેટર જીતુભાઈ રાયકા, સે-૧૫ ફતેપુરાના પ્રમુખ રણછોડજી ઠાકોર, ઉપપ્રમુખ ડાહ્યાજી ઠાકોર, સામાજીક કાર્યકર ચંદુજી ઠાકોર, સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય મંજુલાબેન પટેલ ઉપસ્થિત રહેશે. કેમ્પ દરમિયાન દર્દીઓનું નેત્ર નિદાન કરી જરૂર પડે તો ઓગણજ, લાયન્સ આંખની હોસ્પિટલમાં મફત ઓપરેશન કરી નેત્ર મુકવામાં આવશે. આ કેમ્પમાં લાભ લેવા માટે લાયન્સ પ્રમુખ રાજેશ ગૌડા તેમજ જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ મધુસૂદનભાઈ વોરા દ્વારા નગરજનોને જણાવાયું છે.


આદિવાસીઓના વિકાસની દરકાર, રાખી રહી છે ગુજરાત સરકાર

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

વનબંધુ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોનાં સર્વાંગી વિકાસ માટે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા

રૂ. ૯૦,૦૦૦ કરોડ

પાણી

આદિજાતિ વિસ્તારોમાં ઘરે ઘરે પહોંચી રહ્યું છે પાણી

- જુથ પાણી પુરવઠા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારનાં ૨૬૧૪ ગામોને પહોંચી રહ્યું છે પાણી, જ્યારે ૮૯૬ ગામોના કામ પ્રગતિમાં
- આદિજાતિ વિસ્તાર માટે પાણીની ૧૦ યોજના પૈકી ૪ યોજનાઓના કામ પૂર્ણ, જ્યારે રૂ. ૩૧૬ કરોડના કામો પ્રગતિમાં
- આદિજાતિ વિસ્તારમાં ૨ લાખથી વધુ હેન્ડપંપ કાર્યરત
- આ વિસ્તારમાં ૧૫,૦૦૦થી વધુ મીની વોટર સપ્લાય કાર્યરત
- આ વિસ્તાર માટે પીવાના પાણીની યોજનાઓ ઉપર રૂ. ૫૩૭૦.૪૪ કરોડનો ખર્ચ થયો

પરિણામ: વર્ષ ૨૦૦૧માં ૪૮,૬૯૮ આદિવાસી પરિવારોને નળથી પાણી મળતું હતું, જે ૨૦૧૯માં વધીને ૧૧.૩૦ લાખ પરિવારો સુધી પહોચ્યું

વીજળી

આદિવાસી પરીવારોનાં ઘર થઈ રહ્યાં છે વીજળીથી રોશન

- આ વિસ્તારના ૫૮૮૪ ગામોમાં પહોચાડાઈ વિજળી
- ૧૬૨ નવા સબસ્ટેશન ઉભા કરવામાં આવ્યાં
- આદિજાતિ વિસ્તારોનાં ૧,૭૬,૫૦૩ ખેતરોમાં પહોંચાડાઈ વીજળી
- કુટીર યોજના હેઠળ ૧,૩૫,૧૩૫ ઘરોમાં અપાયા વીજ કનેકશન
- આદિજાતિ વિસ્તારમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોનો થઈ રહ્યો છે મહત્તમ ઉપયોગ
- આદિજાતિ વિસ્તારોમાં વીજળી પહોચાડવામાં રૂ. ૫૦૭૬.૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો

પરિણામ: ગુજરાતનાં આદિજાતિ વિસ્તારોમાં ૨૪X૭ અવિરત મળી રહી છે વીજળી

રસ્તા

આદિજાતિ વિસ્તારોમાં મોટાપાયે થઈ રહ્યું છે રસ્તાઓનું નિર્માણ

- આદિજાતિ વિસ્તારના તમામ મહેસુલી ગામોને બારેમાસ રસ્તાઓ સાથે જોડવામાં આવ્યાં
- ૨૫૦થી નીચી વસ્તીવાળા આદિજાતિ વિસ્તારોનાં ૪૨૦૧ પેટાપરાઓને ડામરના પાકા રોડથી જોડવામાં આવ્યા
- આ વિસ્તારોનાં ગામડાઓને શૈક્ષણિક સંસ્થાઓ તથા દવાખાના સુધી રસ્તાઓથી જોડવામાં આવ્યા
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં અંતરીયાળ વિસ્તારમાં ૯૧૫૯ કિ.મી. લંબાઈના રસ્તાઓનું તેમજ ૪૫૬ નાના/મોટા પૂલોનું નિર્માણ
- આદિજાતિ વિસ્તારોમાં રસ્તાઓના નિર્માણ માટે રાજ્ય સરકારે રૂ. ૮૫૪૧.૪૫ કરોડનો ખર્ચ કર્યો

પરિણામ: પાકા રસ્તાઓના નિર્માણ દ્વારા આદિજાતિ વિસ્તારમાં ખુલ્યા પ્રગતિનાં દ્વાર



નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

વનબંધુઓનાં સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત